# <u>સહકારી મંડળીઓ અને એફપીઓને ડાંગર બીજની જરૂરિયાત અંગે ઓનલાઈન વ્યવસ્થા</u>

## <u>(તા. ૨૫/૪/૨૦૨૫ થી તા. ૫/૫/૨૦૨૫)</u>

**સહકારી મંડળીઓ અને એફપીઓને તેઓના સભાસદો માટે**, આગામી ખરીફ ઋતુ માટે **'અનુભવ' બ્રાન્ડના 'ડાંગર પાક' ની વિવિધ જાતોના બિયારણની જરૂરીયાત, તા. <u>૨૫/૪/૨૦૨૫ થી તા. ૫/૫/૨૦૨૫ દરમ્યાન</u>** ઓનલાઈન **નોંધવા** માટેની શરતો અને પધ્ધતિ નીચે મુજબ છે.

- સહકારી મંડળીઓ અને એફ. પી. ઓ. બિયારણ વેચાણનું લાયસન્સ ધરાવતી હોવી જોઈએ.
- ડાંગર પાકના બિયારણ માટે હાલ, ઓનલાઈન ખેડૂતોની નોંધણી અને વિતરણ થયા બાદ, બિયારણ વેચાણનું લાયસન્સ ધરાવતી, મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં આવેલ વિવિધ સહકારી મંડળીઓ અને એફ. પી. ઓ. ને બાકી રહેલ, ઉપલબ્ધ જથ્થાની મર્યાદામાં, નીચેની શરતોને આધીન, ડાંગરનું બિયારણ, ૫% ડીસ્કાઉન્ટ સાથે ફાળવવામાં આવશે.
- સહકારી મંડળીઓ અને એફ. પી. ઓ., ખેડૂતોને બીજ ફાળવે તેના બીલની નકલ, વેચાણ બાદ યુનિવર્સિટીને આપવાની રહેશે.
- સહકારી મંડળીઓ અને એફ. પી. ઓ.એ, આણંદ કૃષિ યુનિવર્સિટીના જે તે બીજના નક્કી થયેલ ભાવ મુજબ જ વેચાણ કરવાનું રહેશે.
- સહકારી મંડળીઓ અને એફ. પી. ઓ.એ ઓનલાઈન અરજી કરતી વખતે, બિયારણ વેચાણના લાયસન્સની સ્કેન કોપી તથા ડાંગરના બિયારણની જરૂરિયાતવાળા સભાસદ ખેડૂતોના નામ, જમીનનો વિસ્તાર, મોબાઈલ નંબર અને મહત્તમ એક ખેડૂત દીઠ, ડાંગરની સાત બેગ, લેખે કુલ બેગની જરૂરિયાતની વિગતો મંડળીના લેટરપેડ પર દર્શાવી, અપલોડ કરવાની રહેશે.
- સહકારી મંડળીઓ અને એફ. પી. ઓ. ની ઓનલાઈન અરજી અન્વયે ફાળવણી, ઓનલાઈન અરજી કરેલ ખેડૂતોને બિયારણ વિતરણ થયા બાદ, ઉપલબ્ધ જથ્થાની મર્યાદામાં, કરવામાં આવશે, અને ખેડૂતોની ઓનલાઈન અરજી કરવાની સમયમર્યાદા બાદ, દિન-૫ માં સહકારી મંડળીઓ અને એફ. પી. ઓ.ને તેમની માંગણી અન્વયે, કેટલી ફાળવણી થઇ શકે તેમ છે તે જણાવવામા આવશે.
- સહકારી મંડળીઓ અને એફ. પી. ઓ.ને ઓનલાઈન અરજી કરવામા કોઈ મુશ્કેલી હોય તો કામકાજના દિવસોમાં, કચેરી સમયમાં ફોન નંબર <u>૦૨૬૯૨-૨૬૦૩૨૯</u> પર ફોન કરી માહિતી મેળવી શકાશે.

*********